Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ओ३म ॥

... का यह ग्रन्थ
पुस्तकालय गुरुकुल कांगड़ी
को भेंट।

બાળકોપયોગી ધર્મશિક્ષા.

લેખક અને સંપાદકઃ-
જ્ઞાનેન્દ્ર · સિદ્ધાન્તભૂષણ.

66ग
११

મૂલ્ય ૦-૧-૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्
पुस्तक-संख्या 66 ग/99
पंजिका-संख्या 9.6.512

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ओ३म ॥

બાળકોપયોગી ધર્મશિક્ષા.

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

१६५१५
१-८-८६

66 ग
99

CH 1973

લેખક અને સંપાદક:
જ્ઞાનેન્દ્ર · સિદ્ધાન્તભૂષણ.

આવૃત્તિ ૧ લી.

પ્રત ૨૦૦૦ સંવત ૧૯૯૨

મૂલ્ય ૦-૨-૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુસ્તક મળવાનું ઠેકાણું:-

ગુરૂકુલ વિદ્યામંદિર સૂપા.

વાયા. } નવસારી.
સ્ટે. }

બી.બી. એન્ડ સી.આઇ. રેલ્વે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ઓ૩મ્. ॥

પૂર્વ વચન.

આજે એક શતાબ્દીથી ભારતમાતાનાં પુત્રોને જે જાતનું શિક્ષણ અપાઇ રહ્યું છે તેનાં માઠાં પરિણામો સામે સમસ્ત રાષ્ટ્ર અશાન્તિ અને અસંતોષનો પોકાર કરી રહ્યું છે. એ આખી પ્રણાલિકા પ્રત્યેજ હવે તો લોકો પોતાનો અણગમો વ્યક્ત કરી રહ્યા છે અને વિચારકો એવું પણ અનુભવી રહ્યા છે કે જીવનની નૈતિક ઉન્નતિ માટે સાચી ધાર્મિક કેળવણી તથા ધાર્મિક વાતાવરણ તૈયાર કરવાની આવશ્યકતા છે: તે સિવાય ભવિષ્યની પ્રજા ચારિત્ર્યશીલ, તેજસ્વી અને નીતિમાન્ બનવાની નથી. રાષ્ટ્રના ધાર્મિક શિક્ષણનાં આ મંગલમય કાર્ય માટે આજ સુધી આપણે બેદરકાર રહ્યા છીએ તેનાં પરિણામો આપણને ભોગવવાંજ પડશે.

આ હેતુની પૂર્તિ માટે એ આવશ્યક છે કે જ્યારે બાળકોની વૃત્તિઓ કોમલ અને ભાવગ્રાહી હોય ત્યારે તેની આત્માને ધર્મપ્રાણ બતાવવાની શરૂઆત કરવી જોઇએ. જ્ઞાન અને સંસ્કાર પ્રદાનના આ જુગજુની પદ્ધતિ તરફ જવા વગર હવે આપણો છુટકો નથી. રાષ્ટ્રના વિચારકો, લોક નેતાઓ અને શિક્ષાતત્વ વિશારદો હવે આ બાબત ખુબ ભાર મૂકતા થયા છે:

આંધ્ર વિશ્વ વિદ્યાલયનાં ભૂતપૂર્વ કુલપતિ શ્રી રાધાકૃષ્ણન થોડા વખત પહેલાં માર્મિક ભાષામાં કેવું સુંદર કહી ગયા છે:— "માનવ પોતાની શારીરિક વિકલતા માટે કળકળી ઉઠે છે; પરન્તુ પોતાની આત્મિક ઉન્નતિ માટે એમને જરા પણ દરકાર નથી:" આગળ જતાં ભારતનો આ મહાન્ તત્વજ્ઞાની યુવકોને સંબોધીને કહે છે:—"તમને તમારા શિક્ષકો શરીરની ઉન્નતિ માટે દરરોજ પંદર મિનિટ આપવાનું કહે છે: હું કહું છું કે તમે પોતાની આત્માનાં ઉદ્ધાર માટે દરરોજ પંદર મિનિટ આપો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મસૂર વિશ્વવિદ્યાલયનાં ઉપાધિવિતરણ સમારંભનાં પ્રમુખ પદે શ્રી લોકવિહિત વિદ્વાન્ પત્રકાર શ્રી. સી. વાઇ. ચિન્તામણિ એ કહ્યું હતું—"પહેલાં હું માનતો હતો કે શિક્ષણ સંસ્થાઓમાં ધાર્મિક શિક્ષણની કશી જરૂર નથી પણ હવે મારી આ દઢ સંમતિ છે કે શાળાઓમાં ધાર્મિક શિક્ષણની વિશેષ આવશ્યકતા છે; એટલુંજ નહીં પણ તે શિક્ષણ નાનપણથી જ આપવું જોઇએ. અસ્તુ.

* * *

આ શુભ કાર્યની પૂર્તિ માટે આ નાની પુસ્તિકા તૈયાર કરવામાં આવી છે: પ્રાથમિક શાળાઓનાં કોમલમતિ બાળકોને આર્ય ધર્મની મૂલ ભૂત વાતો શીખવવા માટે આમાં નાના પાઠો પ્રશ્નોત્તરનાં રૂપમાં આપવામાં આવ્યા છે. આશા છે કે અમારા આ વિનમ્ર પ્રયાણથી બાલકોને પોતાનાં ધર્મ, દેશ અને પ્રાચીન ઈતિહાસનો આછો પરિચય પ્રાપ્ત થશે, અને આગળ જતાં તેમનાં બૌદ્ધિક સંસ્કારો દઢ થતાં તેઓ સ્વધર્મ, સ્વદેશ સ્વસંસ્કૃતિનાં પ્રેમી અને રક્ષક બની શકશે;

આ પુસ્તિકા મહર્ષિ દયાનન્દ સરસ્વતીનાં પુસ્તકોનું દોહન કરીને તૈયાર કરવામાં આવી છે: શ્રી પંડિત શિવ શર્માની પુસ્તક પરથી પણ પ્રેરણા લેવામાં આવી છે: અન્ય કેટલાક સ્નેહી જનોએ આવશ્યક સલાહો અને સૂચનાઓ આપી છે. તે સર્વનો હું ધન્યવાદ માનું છું. શિક્ષાતત્વનાં પંડિતોના સદ્પરામર્શો અને સૂચનો મળતા રહેશે તે પ્રમાણે આગળની આવૃત્તિઓમાં અમો સુધારા વધારા કરી શકીશું. ओं शम् ॥

સમ્પાદક:—

જ્ઞાનેન્દ્ર·સિદ્ધાન્ત ભૂષણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૃ.	પં.	અશુદ્ધિઃ	શુદ્ધિઃ
૪	૬	રેણ્વ્યં	રેણ્યં
૪	૨૬	પુનતુ	પુનાતુ
૫	૭	રાત્રય	રાત્ય
૫	૨૬	દેવ	દેવં
૫	૨૬	ૠંત્તસમ્	ૠત્તસમ્
૫	૩૦	આધાવા	આદ્યાવા
૬	૩	અદીન.	અદીનાઃ
૬	૩	શતત્	શતાત્
૭	૧૫	સ્વઃ	સ્વ
૭	૧૫	દ્યૈ	દ્યૌ
૮	૨	ચ્રવિષ્ઠય	ચવિષ્ઠય
૯	૧૬	શ્યો	શ્રો
૧૩	૨૧	સત્ય	સસ્તે
૧૩	૨૬	સંકલ્ય	સંકલ્પ
૧૬	૨૪	ભૂ,	ભૂઃ,

પૃ.	પં.	અશુદ્ધિઃ	શુદ્ધિઃ
૧૯	૨૧	પરિવ્વૃતા	પરિહ્વૃતા
૧૯	૨૯	ઈઈશિરે	ઈશિરે
૨૦	૬	અભિાહ્ત:	અભિહ્રુતઃ
૨૦	૮	હુતિં	હુતિ
૨૦	૧૦	એધતે	એધતેઅ
૨૧	૧	વૃદ્ધશ્રવા	વૃધશ્રવાઃ
૨૧	૨	અસ્ષ્ટિનેમિઃ	અરિષ્ટનેમિઃ
૨૧	૬	સસ્તિસ	સત્સિ
૨૧	૬	બર્હિવિ	બર્હિષિ
૨૧	૯	પસ્યિન્તિ	પરિયન્તિ
૨૧	૯	સ્પાણિ	રુપાણિ
૨૨	૧૩	ધીરે	ધીરે ધીરે
૨૬	૨	૧૬ વર્ષ	૧૬ થી ૨૪ વર્ષ
૨૮	૬	ભસ્	ભ્યામ્

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ઓ૩મ્ ॥

બાળકોપયોગી ધર્મશિક્ષા.

પ્રથમ શ્રેણી.

પ્રશ્ન:-આર્ય કોને કહે છે?

ઉત્તર:-જે ચાર વેદ અને તેના બતાવેલા ધર્મને માને છે. તેને 'આર્ય' કહે છે.

પ્ર. સમાજ કોને કહે છે?

ઉ. કોઈ કામને કરવાને માટે એકઠા થયેલા માણસોને 'સમાજ' કહે છે.

પ્ર. ચાર વેદોનાં નામ શું છે?

ઉ. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વ વેદ.

પ્ર. એ વેદો કોણે રચ્યા છે?

ઉ. પરમ પિતા પરમાત્માએ.

પ્ર. આ વેદ તેમણે ક્યારે બનાવ્યા?

ઉ. સૃષ્ટિનાં આરંભમાં.

પ્ર. આર્ય લોકોનો શો ધર્મ છે?

ઉ. વેદોનું ભણવું-ભણાવવું, સાંભળવું અને સંભળાવવું એ આર્યોનો પરમ ધર્મ છે.

પ્ર. વેદનું જ્ઞાન કોને માટે છે?

ઉ. સંસારના બધા મનુષ્યોને માટે છે.

પ્ર. વેદોમાં શું લખ્યું છે?

ઉ. વેદોમાં માણસોની શી ફરજ છે તે બધું લખ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્ન:–માણુસોના કરવા યોગ્ય કામ કયાં કયાં છે ?

ઉત્તર:–પાંચ યજ્ઞથી લઈને સમાધિ સુધી.

પ્ર. પાંચ યજ્ઞ કયા છે ?

ઉ. બ્રહ્મયજ્ઞ, દેવયજ્ઞ, પિતૃયજ્ઞ, અતિથિયજ્ઞ અને બલિ-વૈશ્વદેવયજ્ઞ (ભૂતયજ્ઞ) આ પાંચ છે.

પ્ર. સમાધિ કોણ લગાવે છે ?

ઉ. યોગી લોકો સમાધિ લગાવે છે ?

પ્ર. સમાધિ લગાવવાથી શું થાય છે ?

ઉ. સમાધિ લગાવવાથી પરમેશ્વરનું દર્શન થાય છે.

પ્ર. પરમેશ્વરના દર્શનથી શું થાય છે ?

ઉ. પરમેશ્વરના દર્શનથી મોક્ષ મળે છે અર્થાત્ પરમ-આનંદ મળે છે, જેને વાણીથી નથી વર્ણવી શકાતો.

પ્ર. આર્ય સમાજને કોણે બનાવ્યો ?

ઉ. શ્રી. ૧૦૮ પૂ. સ્વામી દયાનંદ સરસ્વતીએ.

પ્ર. આર્ય સમાજને સ્વામીજી મહારાજે શા માટે જન્મ આપ્યો ?

ઉ. વેદોનો પ્રચાર કરવા માટે.

પ્ર. શ્રી. સ્વામીજી મહારાજ કોણ હતા ?

ઉ. શ્રી. સ્વામીજી આદર્શ સન્યાસી હતા.

પ્ર. શ્રી. સ્વામીજી મહારાજના ગુરૂ કોણ હતા ?

ઉ. શ્રી. સ્વામીજી મહારાજના ગુરૂ શ્રી સ્વામી વિરજાનંદજી દણ્ડી હતા.

પ્ર. શ્રી. સ્વામીજી મહારાજનું જન્મસ્થાન કયાં છે ?

ઉ. શ્રી. સ્વામીજી મહારાજનું જન્મસ્થાન ગુજરાત પ્રાંન્તમાં કાઠિયાવાડના ટંકારા ગામમાં છે.

પ્ર. તેમના ગુરૂ શ્રી. સ્વામી વિરજાનંદજી મહારાજની જન્મભૂમિ કઈ છે ?

ઉ. પંજાબ પ્રાન્તના કરતાપુર ગામમાં શ્રી. સ્વામી વિરજાનંદજી મહારાજ જન્મ્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્ન:-શ્રી. સ્વામીજી મહારાજ કઇ જગ્યાએથી વિદ્યા ભણ્યા ?

ઉત્તર:-શ્રી. સ્વામી વિરજાનંદજી મહારાજ મથુરા નગરીમાં રહેતા હતા, ત્યાં શ્રી. સ્વામીજી મહારાજે તેમના પાસે વિદ્યા ગ્રહણ કરી.

પ્ર. પરમ પિતા પરમાત્મા ક્યાં રહે છે ?

ઉ. સર્વત્ર રહે છે; એમનાથી કોઈ જગ્યા ખાલી નથી.

પ્ર. પરમાત્માનું સ્વ નામ (પોતાનું નામ) શું છે ?

ઉ. પરમાત્માનું સ્વનામ 'ઓ૩મ્' છે.

પ્ર. 'ઓ૩મ્' નામમાં કેટલા અક્ષરો છે ?

ઉ. ઓ૩મ્ નામમાં ત્રણ અક્ષરો છે:-અ, ઉ અને મ્.

પ્ર. પરમાત્મા ક્યારથી છે અને શું કરે છે ?

ઉ. પરમાત્મા સદાથી છે, ન કોઈ દિવસ પેદા થાય છે અને ન મરે છે; સંસારને ઉત્પન્ન કરવો, સંસારનું પાલન કરવું અને નાશ કરવો એ તેમનું કામ છે.

પ્ર, શું પરમાત્મા માણસનું રૂપ ધારણ કરી શકે છે ?

ઉ. કદાપિ નહિ:-જો તે માણસનું રૂપ ધારણ કરે તો આપણી જેમ મરવાવાળો અને જન્મવાળો થઇ જાય,

પ્ર. બ્રહ્મયજ્ઞ કોને કહેવાય ?

ઉ. સ્વાધ્યાય અને સંધ્યા કરવી એનું નામ બ્રહ્મયજ્ઞ કહેવાય.

પ્ર. સ્વાધ્યાય એટલે શું ?

ઉ. ધાર્મિક પુસ્તકોનું વેદાદિ સત્ય શાસ્ત્રોનું અધ્યાન કરવું (ભણવું)તેને સ્વાધ્યાય કહેવાય.

પ્ર. સંધ્યા એટલે શું ?

ઉ. પરમાત્માનું સારી રીતે ચિંતન કરવું અને જે વખતે દિવસ અને રાત્રિ મળે તે સમયને પણ સંધ્યા કહે છે.

પ્ર. સંધ્યા દિવસમાં કેટલીવાર કરવી જોઇએ ?

ઉ. સંધ્યા દિવસમાં બે વાર કરવી જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્ર. સંધ્યાનો સમય કયો છે?

ઉ. પ્રભાતમાં સૂર્યોદયથી પહેલાં અને સાયં સૂર્યાસ્તના બાદઃ- બન્ને વખતે દિવસ તથા રાત્રિના સંયોગ સમયે સંધ્યા ઉપાસના કરવી જોઇએ.

સંધ્યાના મંત્ર.

ઓં ભૂર્ભુવ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો, યોનઃ પ્રચોદયાત્ ॥ (શિખા બાંધવી)

ઓ૩મ્ શન્નો દેવી રભિષ્ટય આપો ભવન્તુ પીતયે ।
શંયો રભિસ્ત્રવન્તુ નઃ ॥ (જમણા હાથની હથેળીમાં પાણી લઈ ત્રણ વખત આચમન કરવાં).

(ડાબા હાથમાં પાણી લઈને જમણા હાથની ટચલીની બે પાસેની આંગળીઓથી સ્પર્શ કરવો.)

ઓ૩મ્ વાક્ વાક્ (બન્ને ઓષ્ઠને)
ઓં પ્રાણઃ પ્રાણઃ (બન્ને નાકને)
ઓં ચક્ષુઃ ચક્ષુઃ (બન્ને આંખને)
ઓં શ્રોત્રમ્ શ્રોત્રમ્ (બન્ને કાનને.)
ઓં નાભિઃ (ડુટીને)
ઓં હ્રદયમ્ (હ્રદયને)
ઓં કણ્ઠઃ (કણ્ઠને)
ઓં શિરઃ (માથાને)
ઓં બાહુભ્યાં યશો બલમ્ (ભૂજાઓને)
ઓં કરતલકર પૃષ્ઠે (હથેળી અને પૃષ્ઠ ભાગને)

(ઇંદ્રિયોને પુનઃ સ્પર્શ કરવો)

ઓ૩મ્ ભૂઃ પુનાતુ શિરસિ, (માથાને)
ઓં ભૂવઃ પુનાતુ નેત્રયોઃ (આંખને)
ઓં સ્વઃપુનાતુ કણ્ઠે (કણ્ઠને)
ઓં મહઃ પુન.તુ હૃદયે (હ્રદયને)
ઓં જનઃ પુનાતુ નાભ્યામ્ (ડુટીનક)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓં તપ પુનાતુ પાદયો: (બન્ને પગને)
ઓં સત્યં પુનાતુ પુન: શિરસિ (શિરને)
ઓં ખંબ્રહ્મપુનાતુ સર્વત્ર (સારા શરીરપર)
ઓ૩મ્ ભૂ:, ઓં ભુવ:, ઓં સ્વ:, ઓં મહ:, ઓં જન:, ઓં તપ:, ઓં સત્યમ્ ॥
ઓ૩મ્ ઋતંચ સત્યં ચા, ભીદ્ધાત્તપસોડ ધ્યજાયત ।
તતોરાત્ર્યજાયત, તત: સમુદ્રો અર્ણવ: ॥
સમુદ્રા દર્ણવાદધિ, સંવત્સરો અજાયત ।
અહોરાત્રાણિ, વિદધ, દ્વિશ્વસ્ય મિષતો વશી ॥
સૂર્યા, ચંદ્રમસૌ, ધાતા, યથા પૂર્વમ કલ્પયત્ ।
દિવં,ચ પૃથિવીં, ચાન્ત રિક્ષમથો સ્વ: ॥
ઓ૩મ્ પ્રાચી દિગગ્નિ, રધિપતિ રસિતો, રક્ષિતા,ડડદિત્યા ઈષવ: ।
તેભ્યો નમોડધિપતિભ્યો નમો, રક્ષિતૃભ્યોનમ ઇષુભ્યોનમ એભ્યો અસ્તુ; યોડ્સ્માન્ દ્વેષ્ટિ યં વયં દ્વિષ્મસ્તં વોજંભે,દધ્મ: ॥
ઓ૩મ્ દક્ષિણા દિગિંદ્રો ડધિપતિ, સ્તિર શ્ચિરાજી રક્ષિતા પિતર ઈષવ: । તેભ્યો .. પૂર્વવત્
ઓ૩મ્ પ્રતીચી દિગ્વરૂણોડધિપતિ: પૃદાકૂરક્ષિતાડન્નમિષવ: ।
તેભ્યો... પૂર્વવત
ઓ૩મ્ ઉદીચી દિગ્સોમોડધિપતિ: સ્વજો રક્ષિતાશનિરિષવ: ।
તેભ્યો... પૂર્વવત
ઓ૩મ્ ધ્રુવાદિગ્વિષ્ણુ રધિપતિ: કલ્માષગ્રીવો રક્ષિતા વીરૂધ ઈષવ: । તેભ્યો... પૂર્વવત
ઓ૩મ્ ઉર્ધ્વા દિગ્બૃહસ્પતિ રધિપતિ: શ્વિત્રો રક્ષિતા વર્ષમિષવ: ।
તેભ્યો... પૂર્વવત્
ઓ૩મ્ ઉદ્વયં તમસસ્પરિ સ્વ: પશ્યંત ઉત્તરમ્ ।
દેવદેવત્રા સૂર્યમગન્મ જ્યોતિ રૂત્તમમ્ ॥
ઓ૩મ્ ઉદુત્યં જાતવેદસં દેવ વહંતિ કે,તવ: ।
દશેવિશ્વાય સૂર્યમ્ ॥
ઓ૩મ્ ચિત્રં દેવાના, મુદગાદનીકં ચક્ષુર્મિત્રસ્ય વરૂણસ્યાગ્ને: ।
આ પ્રાધાવા પૃથ્વી અંતરિક્ષ ઁ સૂર્ય આત્મા જગતસ્તસ્થુષશ્ચ સ્વાહા ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓં તચ્ચક્ષુર્દે, વહિતં પુરસ્તાચ્છુક, મુચ્ચરત ।
પશ્યેમ શરદઃ, શતંજીવેમ શરદઃ, સત્ય ઁ શ્રૃણુયામ શરદઃ, શતં
પ્રબ્રવામ શરદઃ, શતમદીનઃ શ્યામ શરદઃ, શતંભૂયશ્ચ શરદઃ શતાત ॥
ઓં ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુ, વંરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહી ।
ધિયો નઃ પ્રચોદયાત ॥
ઓં નમઃ શંભવાયચ, મયોભવાયચ નમઃ શંકરાયચ, મયસ્કરાયચ
નમઃ શિવાયચ શિવતરાયચ ॥

ઉપાસનાના મંત્ર.

ઓં. વિશ્વાનિદેવ સવિત, દુરિતા, નિપરા, સુવ ।
યભદ્રં તન્ન આસુવ ॥
ઓં. હિરણ્ય ગર્ભઃ સમવર્તતાગ્રે, ભૂતસ્ય જાતઃ પતિરેક આસીત ।
સદાધાર પૃથ્વીં દ્યામુતેમાં, કસ્મૈ દેવા, યહવિષા વિધેમ ॥
ઓં ય આત્મદા બલદા યસ્ય વિશ્વે, ઉપાસતે ।
પ્રશિષં યસ્ય દેવાઃ યસ્યચ્છાયા મૃતં યસ્ય મૃત્યુઃ કસ્મૈ દેવા
યહવિષા વિધેમ ॥
ઓં. યઃ પ્રાણતો નિમિષતો મહિત્વૈક રાજા જગતો બભૂવ ।
ય ઈશે અસ્ય દ્વિપદશ્ચતુષ્પદઃ, કસ્મૈ દેવા યહવિષા વિધેમ ॥
ઓં. યેન દ્યૌરૂગ્રા પૃથિવી ચદ્દઢા યેનસ્વઃ સ્તભિતં યેન નાકઃ ।
યો અંતરિક્ષે રજસો વિમાનઃ કસ્મૈ દેવા યહવિષા વિધેમ ॥
ઓં. પ્રજાપતે નત્વદે, તાન્યન્યો, વિશ્વા જાતા, નિપરિતા બભૂવ ।
યત્કામાસ્તે જહુમ સ્તન્નો, અસ્તુ વયં, સ્યામ પતયો રયિણાસ્ ॥
ઓં. સનો બન્ધુર્જનિતા સવિધાતા, ધામાનિવેદ ભુવનાનિ વિશ્વા ।
યત્રદેવા અમૃતમા, નશાના સ્તૃતીયે ધામન્નધ્યૈ રયન્ત ॥
ઓં. અગ્ને નય સુપથારા, યે અસ્માન્ વિશ્વાનિદેવ વયુનાનિવિદ્વાન્ ।
યુયો ધ્યસ્મજ્જુ હુરાણમેનો, ભુયિષ્ઠાન્તે નમ ઉક્તિં વિધેમ ॥
(આ અલ્પવિરામાદિ બોલવાની સરળતા માટે આપવામાં આવ્યાં છે)

પ્ર. દેવયજ્ઞ કોને કહેવાય ?

ઉ. અગ્નિ હોમથી લઈને અશ્વમેધ પર્યન્ત યજ્ઞોને દેવયજ્ઞ કહેવાય.

પ્ર. અગ્નિ હોત્રના મંત્ર કયા કયા છે ?

ઉ. નીચે લખેલા પ્રમાણે છેઃ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આચમન મંત્ર.

ઓં. અમૃતો પસ્તરણમસિ સ્વાહા ॥
ઓં. અમૃતા પિધાનમસિ સ્વાહા ॥
ઓં. સત્યં યશ: શ્રીર્મયિ શ્રી: શ્રયતાં સ્વાહા ॥ } (આચમાન કરવું)

ઈન્દ્રિય સ્પર્શ મંત્ર.

ઓં વાઙ્મ આસ્યે ઽ સ્તુ ॥	(ઓઠોંને)	પૂર્વોક્ત
ઓં નસો મેં પ્રાણો ઽ સ્તુ ॥	(નાકને)	વિધિથી
ઓં અક્ષ્ણો મેં ચક્ષુરસ્તુ ॥	(આંખોંને)	સ્પર્શ
ઓં કર્ણયો મેં શ્રોત્રમસ્તુ ॥	(કાનોને)	કરવો.
ઓં બાહ્વો મેં બલમસ્તુ ॥	(ભૂજાઓને)	
ઓં ઊર્વો મેં ઓજો ઽ સ્તુ ॥	જંઘાઓને)	

ઓં અરિષ્ટાનિમે અંગાનિ તનુ સ્તનવા મે સહ સન્તુ ॥
(સારા શરીર પાણીના છાંટા નાંખવા)

ઓં ભૂર્ભુવ : સ્વ: ।

ઓં ભૂર્ભુવ: સ્વ: દ્યૌરિવ ભૂમ્ના પૃથ્વી, વવ્વરિમ્ણા ।
તસ્યાસ્તે પૃથિવી દેવયજનિ પૃષ્ઠે ઽગ્નિમન્ના, દમન્ના દ્યાયાદધે ॥
(સમિધા વા કપુર વા કોપરૂ સળગાવીને યજ્ઞ કુણ્ડમાં મુકવું)

ઓં ઉદ્બુધ્યસ્વાગ્ને પ્રતિજા, ગૃહિત્વમિષ્ટા, પૂર્તે સતૅં સૃજેથામયંચ । અસ્મિન્સધ સ્થે, અધ્યુત્તરસ્મિન્ વેશ્વેદેવા યજમાનશ્ચ સીદત ॥
(પંખાથી અગ્નિ પ્રદીપ્ત કરવો)

ઓં અયન્ત ઇધ્મ આત્મા જાતવે, દસ્તેને ધ્યસ્વ વર્ધસ્વ ચેદ્ધ વર્ધય ચાસ્માન્ પ્રજયા પશુભિર્બ્રહ્મવર્ચસે, નાન્નાદ્યેન સમેધય સ્વાહા ॥ ઇદમગ્નયે જાતવેદસે ઈદન્ન મમ ॥
(એક સમિધા ઘીવાળી કરીને હોમવી)

ઓં સમિધાગ્નિ દુવસ્યતઘૃતૈર્બો, ધયતાતિથિમ્ ।
આસ્મિન્ હવ્યા જુહોતન ॥

ઓં સુસમિદ્ધાય શોચિષે ઘૃતં તીવ્રં જુહોતન ।
અગ્નયે જાતવેદસે સ્વહા ॥ ઇદમગ્નયે જાતવેદસે ઈદન્નમમ ॥
(બીજી સમીધા ઘીવાળી કરીને નાંખવી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓં તન્ત્વા સમિદ્ભિ રંગિરો ઘૃતેન વર્દ્ધયામસિ ।
બૃહચ્છોચા યવિષ્ઠય સ્વાહા ॥ ઇદમગ્નયે ઙ્ગિરસેઇદન્નમમ ॥

(ત્રીજી સમિધા પૂર્વોક્ત પ્રકારે હોમવી)

ઓં અયન્ત ઇધ્મ આત્મા........સ્વાહા ॥ ઇદમગ્નયે જાતવેદસે ઇદન્નમમ ॥

(ચમચામાં ઘી લઈ આહુતિ આપવી)

(એવી રીતે એજ મંત્ર વડે બીજી ચાર અર્થાત્ કુલ પાંચ આહુતિ ઘીની આપવી)

ઓં અદિતે ઽનુમન્યસ્વ ॥ (કુણ્ડના પૂર્વ ભાગમાં પાણી નાખવું)
ઓં અનુમતે ઽનુમન્યસ્વ ॥(„ પશ્ચિમ „ „ „)
ઓં સરસ્વત્યેનુમન્યસ્વ ॥ („ ઉત્તર „ „ „)
ઓં દેવ સવિતઃ પ્રસુવ યજ્ઞં પ્રસુવ યજ્ઞપતિં ભગાય ।
દિવ્યો ગન્ધર્વઃ કેતપૂઃ કેતન્નઃ પુનાતુ વાચસ્પતિર્વાચંનઃ સ્વદતુ ॥

(કુણ્ડની બધી બાજુ)

ઓં અગ્નયે સ્વાહા ॥ ઇદમગ્નયે ઇદન્નમમ ॥ (કુણ્ડના ઉત્તર ભાગમાં ઘીની આહુતિ આપવી)

ઓં સોમાય સ્વાહા ॥ ઇદં સોમાય ઇદન્નમમ ॥ (કુણ્ડના દક્ષિણ ભાગમાં ઘીની આહુતિ આપવી)

ઓં પ્રજાપતયે સ્વાહા ॥ ઇદં પ્રજાપતયે ઇદન્નમમ ॥ (કુણ્ડના મધ્ય ભાગમાં ઘીની આહુતિ આપવી)

ઓં ઇન્દ્રાય સ્વાહા ॥ ઇદમિન્દ્રાય ઇદન્નમમ ॥ (કુણ્ડના મધ્ય ભાગમાં ઘીની આહુતિ આપવી)

(પ્રાતઃકાળના મંત્ર)

ઓં સૂર્યો જ્યોતિ જ્યોતિઃ સૂર્યઃ સ્વાહા ॥

(સામગ્રીની પણ આહુતિ અહિંથી શરૂ કરવી)

ઓં સૂર્યો વર્ચો જ્યોતિ વર્ચઃ સ્વાહા ॥
ઓં જ્યોતિઃ સૂર્યઃ સૂર્યો જ્યોતિઃ સ્વાહા ॥
ઓં સજૂર્દેવેન સવિત્રા, સજૂ રૂષસેન્દ્રવત્યા જુષાણઃ સૂર્યો વેતુસ્વાહા ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(સાયંકાળના મંત્ર)

ઓં અગ્નિ જ્યોતિ જ્યોતિરગ્નિઃ સ્વાહા ॥
ઓં અગ્નિ વર્ચો જ્યોતિ વર્ચઃ સ્વાહા ॥
ઓં અગ્નિ જ્યોતિ જ્યોતિ રગ્નિઃ સ્વાહા ॥

(મૌન ધારણ કરીને આહુતિ આપવી)

ઓં સજુર્દેવેન સવિત્રા સજુરાત્ર્યેન્દ્ર વત્યા જુષાણો, અગ્નિ વેતુ સ્વાહા ॥

(બન્ને સમયના મંત્રો)

ઓં ભૂરગ્નયે પ્રાણાય સ્વાહા ॥ ઇદમગ્નયે પ્રાણાય ઇદન્નમમ ॥
ઓં ભુવર્વાયવે ઽપાનાય સ્વાહા ॥ ઇદં વાયવે ઽપાનાય ઈદન્નમમ॥
ઓં સ્વરાદિત્યાય વ્યાનાય સ્વાહા ॥
ઈદમા દિત્યાય વ્યાનાય ઈદન્નમમ ॥
ઓં ભૂર્ભુવઃ સ્વરગ્નિ વાય્વાદિત્યેભ્યઃ પ્રાણા પાનવ્યાનેભ્યઃ સ્વાહા ॥ ઈદમગ્નિ વાય્વાદિત્યેભ્યઃ પ્રાણા પાનવ્યાનેભ્યઃ ઈદન્નમમ॥
ઓં આપો જ્યોતી રસો ઽમૃતં બ્રહ્મભૂર્ભુવઃ સ્વરોં સ્વાહા ॥
ઓં યાં મેધાં દેવ ગણાઃ પિતર શ્ચો, પાસતે ।
તયા મા, મદ્ય મેધયાગ્ને મેધાવિનં કુરૂ સ્વાહા ॥
ઓં વિશ્વાનિ દેવ સવિત, દુરિતા નિપરાસુવ ।
યદ્ભદ્રં તન્નઆ સુવ ॥
ઓં અગ્ને નય સુપથારા, યે અસ્માન્ વિશ્વાનિદેવવયુનાનિ વિદ્વાન્॥
યુયો ધ્યસ્મ જુહુરાણમેનો ભૂયિષ્ઠાન્તે નમ ઉક્તિં વિધેમ ॥
ઓં સર્વં વૈ પૂર્ણં હઁ સ્વાહા ॥

(આ મંત્રથી બધી સામગ્રી અને ઘીના ત્રણ ભાગ કરીને આહુતિ આપવી)

પ્રશ્ન. પિતૃયજ્ઞ કોને કહેવાય ?

ઉત્તર. જીવિત માતા, પિતા, દાદા, દાદી, ગુરૂ, આચાર્ય, તથા અન્ય વૃદ્ધ પુરૂષોની સેવા કરવી; એનું નામ તે પિતૃયજ્ઞ કહેવાય.

પ્ર. અતિથિ યજ્ઞ કોને કહેવાય ?

ઉ. જેના આગમનની કોઈ તિથિ નક્કી ન હોય, એવા પરોપકારી વિદ્વાન્ પોતાના સ્થાને પધારે તો તેમની સેવાને અતિથિ યજ્ઞ કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્ન. ભૂતયજ્ઞ (બલિવૈશ્વદેવ) કોને કહેવાય ?

ઉત્તર. ગૃહસ્થમાં રહીને (ઘંટી, ચુલા, પણિયારૂં, પૂંજો અને ખાંણિયા આદિથી) જે હિંસા થાય છે તેના નિવારણાર્થ અગ્નિમાં જે બનાવેલું અન્ન નાખવામાં આવે છે અને કુતરા કાગડા, કીડા અને ભગી આદિને જે ખવડાવવામાં આવે છે તેને બલિવૈશ્વદેવ કહે છે.

પ્ર. આ યજ્ઞોના અનુષ્ઠાનથી શા લાભો છે ?

ઉ. ઉપર લિખિત યજ્ઞોના અનુષ્ઠાનથી માણસ મોક્ષને પામવા યોગ્ય થાય છે.

પ્ર. મોક્ષ કોને કહેવાય ?

ઉ. દુઃખોથી છુટીને સુખોને પ્રાપ્ત થવું એને મોક્ષ કહે છે.

પ્ર. મનુષ્યોમાં કોણ સર્વત્ર પૂજાય છે ?

ઉ. રાજા પોતાના દેશમાં પૂજાય છે પરન્તુ વિદ્વાન્ સર્વત્ર પૂજાય છે.

પ્ર. વાણી કેવી બોલવી જોઇએ ?

ઉ. સત્ય બોલવું જોઇએ, પ્રિય બોલવું જોઇએ, પરન્તુ એવું નહિં બોલવું જોઇએ કે જે સત્ય હો અને અપ્રિય હોય અને એવું પણ નહિં બોલવું જોઇએ પ્રિય હોય પરન્તુ અસત્ય હોય એજ પરમ ધર્મ છે.

પ્ર. સંસારમાં કયા મનુષ્ય બહુ મળે છે ?

ઉ. નિરંતર પ્રિય બોલનારા મનુષ્ય ઘણા મળે છે. અપ્રિય હોય પરન્તુ હિતકારક હોય એવું બોલનારા અને સાંભળનારા બન્ને મળવા દુર્લભ છે.

પ્ર. પૂજા કરવા યોગ્ય દેવતા કોણ કોણ છે ?

ઉ, માતા, પિતા, આચાર્ય, અતિથિ અને પરમેશ્વર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્ન. આર્ય બાળકોની દિનચર્ચા કેવી હોવી જોઇએ ?

ઉત્તર. પ્રાતઃકાળ ઉઠીને પથારીમાં બેસીને મંત્ર બોલવા (આ સમયના વિશેષ મંત્ર છે તેને આગળ લખવામાં આવશે પરન્તુ હાલ ઉપાસનાના મંત્ર (વિશ્વાનિદેવ....આદિ ૮ મંત્ર) બોલવા) પછી વડીલોને સપ્રેમ નમન કરીને નમસ્તે કરવા, પછી શૌચ જઇને દંતધાવન કર્યા બાદ સ્નાન કરવું, તત્પશ્ચાત્ વ્યાયામ કરવો વા પહેલાં વ્યાયામ કરી ને થોડા વખત બાદ સ્નાન કરવું પછી સંધ્યા હવન કરવો, પછી સ્વાધ્યાય (પાઠ યાદ) કરવો, બાદ પોતપોતાનું કાર્ય કરવું. સાયંકાળે ફરવા જાવું વા રમવું વા કોઇ પણ જાતનો વ્યાયામ કરવો ત્યારબાદ સંધ્યા સમયે પ્રથમ હવન કરી સંધ્યા કરવી. બાદ ભોજન કરવું બાદ પોતાનું કાર્ય કરવું અને ત્યારપછી હાથ પગ ધોઇને મંત્ર બોલી સોઇ જવું (રાત્રિ સોતી વખતે પણ અલગ વિશેષ મંત્ર છે તેને આગળ લખવામાં આવશે પરન્તુ હાલ ગાયત્રી મંત્રનો ૧૦ વાર જપ કરવો.)



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી શ્રેણી.

પ્રશ્ન. ઈશ્વર નિરાકાર છે વા સાકાર?

ઉત્તર. ઇશ્વર નિરાકાર છે.

પ્ર. નિરાકાર કોને કહેવાય?

ઉ. જેનો આકાર ન હોય.

પ્ર. ઈશ્વરને સાકાર માનીએ તો શો દોષ છે?

ઉ. સાકાર પદાર્થ નાશવન્ત હોય છે, માટે ઇશ્વર પણ નશ્વર થઈ જશે, સાકાર પદાર્થ એક દેશી હોય છે પરન્તુ ઇશ્વર સર્વવ્યાપક છે.

પ્ર. દેવતા કોને કહેવાય?

ઉ. જે બીજાને સદ્‌ગુણ આપે તેને દેવતા કહેવાય.

પ્ર. દેવતા જડ છે વા ચેતન?

ઉ. અગ્નિ, વાયુ, પાણી, ભૂમિ, આકાશ, સૂર્ય, ચંદ્ર અને નક્ષત્ર એ આઠ વસુ, ૧૧ રુદ્ર ૧૨ આદિત્ય, વિદ્યુત, યજ્ઞ એ જડ દેવતા છે અને વિદ્વાન્ મનુષ્ય અને પરમેશ્વર ચેતન દેવતા છે.

પ્ર. શ્રાદ્ધ કોને કહેવાય?

ઉ. જીવિત માતા પિતા વગેરેનો શ્રદ્ધાપૂર્વક સેવા સત્કાર કરવો એને શ્રાદ્ધ કહે છે.

પ્ર. તર્પણ એટલે શું?

ઉ. પાણી, દૂધ, ભોજન, લુગડાં લત્તાં વગેરેથી તૃપ્ત કરવું એને તર્પણ કહે છે.

પ્ર. પ્રાતઃકાળે ઉઠીને બોલવાના મંત્ર કયા છે?

ઉ. જેમાં પ્રાતઃકાળનું વર્ણન આવે છે અને પરમેશ્વરની મહિમાનું ભાન કરાવે તે મંત્ર પ્રાતઃકાળે બોલવા જોઈએ. અને તે આ પ્રમાણે છે;—

ઓં પ્રાતરગ્નિં પ્રાતરિન્દ્રં હવામહે, પ્રાતર્મિત્રા વરૂણા પ્રાતરશ્વિના। પ્રાતર્ભગં પૂષણં બ્રહ્મણસ્પતિં, પ્રાતસ્સોમમુત રૂદ્રં હુવેમ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓં પ્રાતર્જીતં ભગમુગ્રં હુવેમ, વયં પુત્રમદિતેર્યો વિધર્તા ।
આધ્રશ્ચિદ્યં મન્યમાનસ્તુરશ્ચિદ્રાજા ચિદ્યં ભગં ભક્ષીત્યાહ ।।
ઓં ભગ પ્રણેતર્ભગ સત્ય રાધો, ભગેમાં ધિયમુદવા દદન્તઃ ।
ભગ પ્રણો જનય ગોભિરશ્વૈર્ભગ પ્રનૃભિર્નૃવન્તઃ સ્યામ ।।
ઓં ઉતેદાનીં ભગવન્તઃ સ્યામોત પ્રપિત્વ ઉતમધ્યે અહ્નામ્ ।
ઉતોદિતા મઘવન્ત્સૂર્યસ્ય વયં દેવનાં સુમતૌ સ્યામ ।।
ઓં ભગએવ ભગવાઁ અસ્તુ દેવા, સ્તેન વયં ભગવન્તઃ સ્યામ ।
તં ત્વા ભગં સર્વ ઇજ્જોહવીતિ, સનો ભગઃ પુરએતા ભવેહ ।।

પ્રશ્ન. રાત્રે સુતી વખતે બોલવાના મંત્ર કયા છે ?

ઉત્તર. જેમાં પરમાત્માનું ચિંતન હોય, નિદ્રામાં મન આમતેમ સ્વપ્નમાં ભટકયા કરે છે, તે મનને રોકવાના સમ્બન્ધના અને સારા વિચારો પેદા થાય એવા ભાવાર્થના મંત્ર છે, તે મંત્ર હોઈ શકે; અને તે આ પ્રમાણે છે;—

ઓં યજ્જાગ્રતો દૂર મુદૈતિ દૈવં તદુ સુપ્તસ્ય તથૈવૈતિ ।
દૂરઙ્ગમં જ્યોતિષાં જ્યોતિરેકં તન્મે મનઃ શિવસંકલ્પમસ્તુ ।।
ઓં યેન કર્માણ્ય પસો મનીષિણો યજ્ઞે કૃણ્વન્તિ વિદથેષુ ધીરાઃ ।
યદ પૂર્વં યક્ષમન્તઃ પ્રજાનાં તન્મે મનઃ શિવ સંકલ્પ મસ્તુ ।।
ઓં યત્પ્રજ્ઞાન મુત ચેતો ધૃતિશ્ચ યજ્જ્યોતિરન્તર મૃતં પ્રજાસુ ।
યસ્માન્ન ઋતે કિંચન કર્મ ક્રિયતે તન્મે મનઃ શિવ સંકલ્પ મસ્તુ ।।
ઓં યેનેદં ભૂતં ભુવનં ભવિષ્યત્પરિ ગૃહીતમમૃતેન સર્વમ્ ।
યેન યજ્ઞ સ્તાયતે સપ્ત હોતા તન્મે મનઃ શિવ સંકલ્પ મસ્તુ ।।
ઓં યસ્મિ ન્નૃચઃ સામ યજૂઁષિ યસ્મિન્ પ્રતિષ્ઠિતા રથના ભાવિવારા । યસ્મિઁશ્ચિતઁ સર્વમોતં પ્રજાનાં તન્મે મનઃ શિવ સંકલ્પ મસ્તુ ।।
ઓં સુષારથિરશ્વાનિવ યન્મનુષ્યાન્નેનીયતે ઽ ભીશુભિર્વાજિન ઈવ ।
હૃત્પ્રતિષ્ઠં યદજીરં જવિષ્ઠં તન્મે મનઃ શિવ સંકલ્પ મસ્તુ ।।

પ્રશ્ન. બ્રાહ્મણ ગ્રન્થ કેટલાં છે ?

ઉત્તર. બ્રાહ્મણ ગ્રન્થ ચાર છે:—ઐતરેય, શતપથ, સામ અને ગોપથ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્ન. કયા વેદનો કયો બ્રાહ્મણ છે?
ઉત્તર. ઋગ્વેદનો ઐતરેય, યજુર્વેદનો શતપથ, સામ વેદનો સામ અને અથર્વ વેદનો ગોપથ બ્રાહ્મણ છે.
પ્ર. ઉપવેદ કેટલા છે અને તેમનાં નામ શું ?
ઉ. ઉપવેદ ચાર છે:–આયુર્વેદ, ધનુર્વેદ, ગન્ધર્વવેદ અને અર્થવેદ.
પ્ર. કઈ સંહિતાનો કયો ઉપવેદ છે?
ઉ. ઋગ્વેદનો આયુર્વેદ, યજુર્વેદનો ધનુર્વેદ, સામવેદનો ગન્ધર્વવેદ અને અથર્વવેદનો અર્થવેદ.
પ્ર. ઉપવેદ કોણે બનાવ્યા.
ઉ. પ્રાચીન ઋષિ મુનિઓએ ઉપવેદ બનાવ્યા છે.
પ્ર. વેદાંગ કેટલાં છે અને તેના કયાં કયાં નામ છે?
ઉ. વેદાંગ છ (૬) છે:–શિક્ષા, વ્યાકરણ, જ્યોતિષ, છન્દ, નિરૂક્ત અને કલ્પ.
પ્ર. વેદાંત કોણે રચ્યાં છે?
ઉ. વિદ્વાન પુરૂષોએ.
પ્ર. શાસ્ત્ર કેટલાં છે?
ઉ. (૬) છ શાસ્ત્ર છે.
પ્ર. તેઓના નામ તથા રચયિતા કોણ છે?
ઉ. ન્યાય શાસ્ત્રના નિર્માતા ગૌતમ મુનિ, વૈશેષિકના કણાદ મુનિ, સાંખ્યના કપિલ મુનિ, યોગના પતંજલી મુનિ, વેદાન્તના વ્યાસ મુનિ અને મીમાંસાના જૈમનિ મુનિ છે.
પ્ર. સ્મૃતિ કેટલી છે?
ઉ. ૨૪ છે; પરન્તુ મનુ સ્મૃતિ એમાં શ્રેષ્ઠ છે.
પ્ર. મનુ સ્મૃતિનો બનાવનાર કોણ?
ઉ. મનુ મહારાજ.
પ્ર. પુરાણ કેટલાં છે?
ઉ. પુરાણ અઢાર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્ન. આ ૧૮ પુરાણ કોણે અને કયારે બનાવ્યાં?

ઉત્તર. આ ૧૮ પુરાણ ભિન્ન૨ પુરૂષોએ સમય સમયપર બનાવ્યાં છે. (એનો સમય જોવામાં આવે તો ઇસ્વીસનથી લઇને ૧૯ મી સદી સુધીનો મનાય)

પ્ર. શું ધર્મની બાબતમાં આ પુરાણો પ્રમાણ થઇ શકે ખરાં?

ઉ. ધર્મનાં વિષયમાં પુરાણ માનનીય નથી; કેમકે એની અંદર ઘણી વાતો વેદ વિરૂદ્ધ છે અને પરસ્પર વિરોધ પણ છે.

પ્ર. સ્વતઃ પ્રમાણ પુસ્તકો કયાં કયાં છે?

ઉ. કેવલ ચાર વેદ સંહિતા (મંત્ર ભાગ) એજ સ્વતઃ પ્રમાણ પુસ્તકો છે.

પ્ર. સ્વતઃ પ્રમાણ એટલે શું?

ઉ. જેની સત્યતા માટે બીજા પ્રમાણની જરૂરત ન હોય, તેને સ્વતઃ પ્રમાણ કહે છે.

પ્ર. એનું કોઇ ઉદાહરણ આપી સમજાવશો કે?

ઉ. સાંભળો, જેવી રીતે સૂર્યને જોવા માટે બીજા સૂર્યની આવશ્યતા નથી તેવીજ રીતે વેદોની સત્યતા માટે બીજા ગ્રન્થની જરૂરત નથી.

પ્ર. ચાર વેદને પ્રકાશિત થયે કેટલાં વર્ષ થયાં?

ઉ. એક અબજ સત્તાણું કરોડ ઓગણત્રીસ લાખ ઓગણપચાસ હજાર અને છત્રીશ વર્ષ થયાં (૧૯૭૨૯૪૯૦૩૬).

પ્ર. ઋગ્વેદાદિ ચાર વેદોમાં કેટલા મંત્ર છે?

ઉ. ઋગ્વેદમાં ૧૦૫૧૮ મંત્ર.
યજુર્વેદમાં ૧૯૭૫ ,,
સામ વેદમાં ૧૦૬૪ ,,
અથર્વ વેદમાં ૫૮૪૮ ,,
કુલ ૧૯૪૦૫ મંત્રો છે.

પ્ર. શું ઋગ્વેદ આદિમાં વિભાગ કર્યા છે કે નહિં?

ઉ. ચારો વેદોમાં વિભાગ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્ન. કેટલા વિભાગમાં ઋગ્વેદ છે ?

ઉત્તર. ઋગ્વેદમાં ૮ અષ્ટક છે અથવા ૧૦ મણ્ડળ છે અથવા ૧૦૨૮ સુક્ત છે વા ૨૦૨૪ વર્ગ છે.

પ્ર. કેટલા વિભાગ યજુર્વેદમાં છે ?

ઉ. યજુર્વેદમાં ૪૦ અધ્યાય છે.

પ્ર. સામ વેદના કેટલા વિભાગ છે ?

ઉ. પૂર્વાર્દ્ધ અને ઉત્તરાર્દ્ધના બે અંગ (પૂર્વાર્ચિક અને ત્તરાર્ચિક) વા ૮૭ સામ વા ૨૯ અધ્યાય છે.

પ્ર. અથર્વ વેદના કેટલા વિભાગ છે ?

ઉ. ૨૦ કાણ્ડ વા, ૩૪ પ્રકોષ્ટક વા, ૧૧૧ અનુવાદક વા ૭૩૧ વર્ગ છે.

પ્ર. આ મણ્ડળ અધ્યાય વિગેરેના વિભાગ કોણે બનાવ્યા ?

ઉ. વેદના મણ્ડળાદિના વિભાગ ઋષિ મુનિઓએ પરમેશ્વરની સહાયતા (પ્રેરણા)થી કર્યા છે.

પ્ર. મણ્ડળાદિના વિભાગ શા માટે કર્યા ?

ઉ. પ્રકરણ બનાવવા તથા પઠન પાઠનની સગવડ ખાતર આ વિભાગો નક્કી કરવામાં આવ્યા છે.

પ્ર. સંધ્યામાં કેટલા પ્રકારના મંત્ર છે ?

ઉ. સંધ્યામાં નવ પ્રકારના મંત્ર છે.

પ્ર કયા કયા મંત્રના શુ શું નામ છે ?

ઉ. ઓં. શન્નોદેવી........ આનું નામ 'આચમન' મંત્ર છે.

ઓં વાક્ વાક્........ " 'ઈન્દ્રિયસ્પર્શ' છે.

ઓં ભૂઃપુનાતુ શિરસિ...... " 'માર્જન' મંત્ર છે.

ઓં ભૂ, ઓં ભુવઃ...... " 'પ્રાણાયામ' મંત્ર છે.

ઓં ઋતં ચ સત્યંચ...... " 'અઘમર્ષણ' મંત્ર છે.

ઓં પ્રાચિદિગ્......છ મંત્ર " 'મનસા પરિક્રમા' મંત્ર છે.

ઓં ઉદ્વયં......ચાર મંત્ર " 'ઉપસ્થાન' મંત્ર છે.

ઓં ભૂ ર્ભુવઃ સ્વઃ...... " 'ગાયત્રી' મંત્ર છે.

ઓં નમઃ શમ્ભવાય...... " 'સમર્પણ' મંત્ર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્ન. આચમન કેટલાં અને કેવી રીતે કરવાં ?

ઉત્તર જવાબ ઉપર અપાઈ ચુકયો છે.

પ્ર. ઇન્દ્રિય સ્પર્શ કોને કહેવામાં આવે છે ?

ઉ. એ પણ પ્રથમ શ્રેણીમાં આવી ગયું છે ?

પ્ર. 'માર્જન' કોને કહેવાય ?

ઉ. ઉપર બતાવી આવ્યા પ્રમાણે અંગોને પાણી છાંટવું એને માર્જન કહેવાય.

પ્ર. પ્રાણાયામ કોને કહેવાય ?

ઉ. વિધિ ઉપરની કક્ષા (ધોરણ)માં બતાવવામાં આવશે; પરન્તુ પ્રાણાયામ શબ્દનો અર્થ પ્રાણોનો આયામ જેવી રીતે શરીરની કસરતને વ્યાયામ કહેવામાં આવે છે તેવીજ રીતે પ્રાણોની કસરતને પ્રાણાયામ કહેવામાં આવે છે.

પ્ર. 'અઘમર્ષણ' મંત્રથી શી મતલબ છે ?

ઉ. પાપોના ફળને સહવું અને પોતાની નબળાઈનો વિચાર કરી બળવાન પાપરહિત બનવું એને 'અઘમર્ષણ' કહેવાય.

પ્ર. મનસા પરિક્રમાનો શો અર્થ છે ?

ઉ. છ દિશાઓમાં મન દ્વારા પરમાત્માની રચનાને જોવી; સર્વવ્યાપક સમજી પાપોથી દૂર રહેવું, એને મનની સાચી પરિક્રમા કહે છે.

પ્ર. 'ઉપસ્થાન' શબ્દનો શો અર્થ છે ?

ઉ. મારી પાસે પરમાત્મા અને હું પરમાત્માની પાસે છું, એવા ભાવને ઉપસ્થાન કહેવામાં આવે છે.

પ્ર. ગાયત્રી મંત્ર કોને કહે છે ?

ઉ. જે ક્રિયાત્મ રૂપથી પરિણિત કરીને જપે તેની રક્ષા થાય, તેને ગાયત્રી મંત્ર કહે છે.

પ્ર. સમર્પણનો શો અર્થ છે ?

ઉ. નમસ્કાર કરવો એને 'સમર્પણ' કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્ન. સંસ્કાર કેટલા છે?
ઉત્તર. સંસ્કાર (૧૬) છે.
પ્ર. તેઓના નામ આપો.
ઉ. ગર્ભધાન, ૨ પુંસવન, ૩ સીમન્તોનયન, ૪ જાત કર્મ, નામકરણ, ૬ નિષ્ક્રમણ, ૭ અન્નપ્રાશન, ૮ ચૂડા કર્મ, ૯ કર્ણવેધ, ૧૦ ઉપનયન, ૧૧ વેદારંભ, ૧૨ સમાવર્તન, ૧૩ વિવાહ, ૧૪ વાનપ્રસ્થ, ૧૫ સન્યાસ, ૧૬ અંત્યેષ્ઠી.
પ્ર. વર્ણ એટલે શું?
ઉ. ગુણ, કર્મ અને સ્વભાવથીગ્રહણ કરવામાં આવે છે તેને વર્ણ કહે છે?
પ્ર. વર્ણ કેટલા છે અને કયા કયા?
ઉ. વર્ણ ચાર છેઃ–બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર.
પ્ર. આશ્રમ એટલે શું?
ઉ. જે સ્થાનમાં કે જે જીવનની અવસ્થામાં અત્યન્ત પરિશ્રમ કરીને ઉત્તમ ગુણોનું ગ્રહણ થાય અને શ્રેષ્ઠ કામ કરાય તેને આશ્રમ કહે છે.
પ્ર. તે કેટલાં છે? અને કયા કયા?
ઉ. આશ્રમ ચાર છેઃ—બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસાશ્રમ.
પ્ર. ધર્મનું લક્ષણ શું છે?
ઉ. ધૃતિ (ધીરજ), ક્ષમા, દમ, (મનને રોકવું) અસ્તેય, (ચોરી ન કરવી), શૌચ (બહારની અને અંદરની પવિત્રતા) ઈન્દ્રિય નિગ્રહ (ઈન્દ્રિઓને વશમાં રાખવી) ધી, (બુદ્ધિની વૃદ્ધિ) વિદ્યા, સત્ય અને અક્રોધ (ક્રોધ ન કરવો) એ દશ લક્ષણ ધર્મના છે.

પ્ર. સ્વસ્તિ વાચન એટલે શું?

ઉ. સ્વસ્તિ એટલે કલ્યાણ અને વાચન અર્થાત્ પ્રાર્થના કરવી અર્થાત્ કલ્યાણને માટે પ્રાર્થના કરવી. એના મંત્ર નિમ્ન લિખિત છેઃ–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓં અગ્નિ મીળે પુરોહિતં યજ્ઞસ્ય દેવમૃત્વિજમ્ ।
હોતારં રત્નધાતમમ્ ॥
ઓં સનઃ પિતેવ સૂનવેऽગ્ને સૂપાયનો ભવ ।
સચસ્વાનઃ સ્વસ્તયે ॥

ઓં સ્વસ્તિનો મિમીતામશ્વિના ભગઃ સ્વસ્તિ દેવ્યદિતિર નર્વણઃ ॥
સ્વસ્તિ પૂષા અસુરો દધાતુનઃ સ્વસ્તિ દ્યાવા પૃથિવી સુચેતુના ॥
ઓં સ્વસ્તયે વાયુમુપ બ્રવામહૈસોમં સ્વસ્તિ ભુવનસ્ય યસ્પતિઃ ।
બૃહસ્પતિં સર્વગણં સ્વસ્તયે સ્વસ્તય આદિત્યાસો ભવન્તુનઃ ॥
ઓં વિશ્વે દેવાનો અદ્યા સ્વસ્તયે વૈશ્વાનરો વસુરગ્નિઃ સ્વસ્તયે ।
દેવા અવન્ત્વૃભવઃ સ્વસ્તયે સ્વસ્તિનો રૂદ્રઃ પાત્વંહસઃ ॥
ઓં સ્વસ્તિ મિત્રાવરૂણા સ્વસ્તિ પથ્યે રેવતિ ।
સ્વસ્તિ ન ઈન્દ્રશ્ચાગ્નિશ્ચ સ્વસ્તિનો અદિતે કૃધિ ॥
ઓં સ્વસ્તિ પન્થામનુ ચરેમ સૂર્યાચન્દ્રમસાવિવ ।
પુનર્દદતા ઘ્નતાજ્ઞ નતા સંગમેમહિ ॥
ઓં યે દેવનાં યજ્ઞિયા યજ્ઞિયાનાં મનો ર્યજત્રા અમૃતા ઋતજ્ઞાઃ ।
તેનો રાસન્તા મુરૂગાય મદ્યયૂયં પાત સ્વસ્તિભિઃ સદા નઃ ॥
ઓં યેભ્યો માતા મધુમત્પિન્વતે પયઃ પંયૂષં દ્યૌરદિતિરદ્રિબર્હાઃ ॥
ઉક્થશુષ્માન્ વૃષભરાન્ત્સ્વપ્નસસ્તાઁ આદિત્યાઁ અનુમદા સ્વસ્તયે ॥
ઓં નૃચક્ષસો અનિમિષન્તો અર્હણા બૃહદેવાસો અમૃતત્વ માનશુઃ ॥
જ્યોતીરથા અહિમાયા અનાગસો દિવો વર્ષ્માણં વસતે સ્વસ્તયે ॥
ઓં સંમ્રાજો યે સુવૃધો યજ્ઞમાયયુરપરિહ્વૃતા દધિરે દિવિક્ષયમ્ ।
તાઁ આ વિવાસ નમસા સુવૃક્તિ ભિર્મહો આદિત્યાઁ અદિતિં સ્વસ્તયે ॥
ઓં કો વઃ સ્તોમં રાધતિયં જુજોષથ વિશ્વે દેવાસો મનુષો યતિષ્ઠન । કોવો ધ્વરં તુવિજાતા અરં કરદ્યો નઃ પર્ષ દત્યંહઃ સ્વસ્તયે ॥
ઓં યેભ્યો હોત્રાં પ્રથમા માયેજે મનુઃ સમિદ્ધાગ્નિર્મનસા સમહોતૃભિઃ । ત આદિ ત્યા અભયં શર્મ યચ્છત સુગાનઃ કર્ત્તસુપથા સ્વસ્તયે ॥

ઓં ઈઇશિરે ભુવનસ્ય પ્રચેતસો વિશ્વસ્ય સ્થાતુર્જગતશ્ચ મન્તવઃ ।
તેનઃ કૃતા દકૃતાદેન સસ્પર્યદ્યા દેવાસઃ પિપૃતા સ્વસ્તયે ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓં ભરેષ્વિન્દ્રં સુવહં હવામહેંડહો સુચં સુકૃતં દૈવ્ય જનમ્ ।
અગ્નિં મિત્રં વરૂણં સાતયે ભગં દ્યાવા પૃથિવી મરૂતઃ સ્વસ્તયે ।
ઓં સુત્રામાણં પૃથિવીં દ્યામનેહસં સુશર્માણમદિતિં સુપ્રણીતિમ્
દૈવીં નાવં સ્વરિત્રા મનાગસમસ્ત્ર વન્તીમા રૂહેમા સ્વસ્તયે ॥

ઓં વિશ્વે યજત્રા અધિવોચતો તયે ત્રાયધ્વં નો દુરેવાય
અભિહ્રુતઃ । સત્યયા વો દેવહૂત્યા હુવેમ શૃણ્વતો દેવાઅવસે
સ્વસ્તયે ॥

ઓં અપામીવામપ વિશ્વામનાહુતિં મપારાતિં દુર્વિદત્રા મઘાયતઃ
આરે દેવા દ્વેષો અસ્મદ્યુયો તનો રૂણઃ શર્મ યચ્છતા સ્વસ્તયે ॥
ઓં અરિષ્ટઃ સ મર્તો વિશ્વ એધતે પ્રજાભિર્જાયતે ધર્મણસ્પરિ ।
યમાદિત્યાસો નયથાસુનીતિભિરતિ વિશ્વાનિ દુરિતા સ્વસ્તયે ॥
ઓં યં દેવાસોઽવથ વાજસાતો યંશૂરસાતા મરૂતો હિતે ધને ।
પ્રાતર્યા વાણં રથમિન્દ્રસાન સિસરિષ્યન્તમા રૂહેમા સ્વસ્તયે ॥
ઓં સ્વસ્તિ નઃ પથ્યાસુ ધન્વસુ સ્વસ્તયપ્સુ વૃજને સ્વર્વતિ ।
સ્વસ્તિ નઃ પુત્રકૃથેષુ યોનિષુ સ્વસ્તિરાયે મરૂતો દધાતન ॥
ઓં સ્વસ્તિ રિદ્ધિ પ્રપથે શ્રેષ્ઠા રેક્ણ સ્વસ્ત્યભિ યા વામમેતિ
સા નો અમા સો અરણે નિપાતુ સ્વાવેશા ભવતુદેવ ગોપાઃ ॥
ઓં ઇષે ત્વોર્જે ત્વા વાયવ સ્થ દેવો વઃ સવિતા પ્રાર્પય
શ્રેષ્ઠતમાય કર્મણ આપ્યાયધ્વ મઘ્ન્યા ઈન્દ્રાય ભાગં પ્રજાવતિરન
મીવા અયક્ષ્મા મા વ સ્તેન ઈશત માઘશꣳ સો ધ્રુવા અસ્મિન
ગોપતૌ સ્યાત બહ્વીર્યજમાનસ્ય પશૂન્ પાહિ ॥
ઓં આ નો ભદ્રાઃ ક્રતવો યન્તુ વિશ્વતો ઽ દબ્ધાસો અપરીત
સઉદ્ભિદઃ દેવાનો યથા સદ મિદ્વૃધે અસન્ન પ્રાયુવો રક્ષિતારે
દિવે દિવે ॥

ઓં દેવાનાં ભદ્રા સુમતિ ઋજુયતાં દેવાનાꣳ રાતિરભિનો
નિવર્ત્તતામ્ । દેવાનાꣳ સખ્યમુપસેદિમા વયં દેવાન આયુ
પ્રતિરન્તુજીવસે ॥

ઓં તમીશાનં જગતસ્તસ્થુષસ્પતિં ધિયં જીન્વમવસે હૂમહે વય
પૂષાનો યથા વેદસામ સદ્વૃધે રક્ષિતા પાયુરદબ્ધઃ સ્વસ્તયે ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓં સ્વસ્તિ ન ઇન્દ્રો વૃદ્ધશ્રવાઃ સ્વસ્તિઃ નઃ પૂષા વિશ્વવેદાઃ ।
સ્વસ્તિ નસ્તાર્ક્ષ્યો અરિષ્ટનેમિઃ સ્વસ્તિનો બૃહસ્પતિ ર્દધાતુ ॥
ઓં ભદ્રં કર્ણેભિઃ શ્રૃણુયામ દેવા ભદ્રં પશ્યે માક્ષભિ ર્યજત્રાઃ ।
સ્થિરૈ રઙ્ગૈ સ્તુષ્ટુવાઁ સસ્તનૂભિ વ્યંશેમહિ દેવહિતં યદાયુઃ ॥
ઓં અગ્ન આ યાહિ વીતયે ગૃણાનો હવ્યદાતયે ।
નિ હોતા સત્સિ બર્હિષિ ॥
ઓં ત્વમગ્ને યજ્ઞાનાઁ હોતા વિશ્વેષાઁ હિતઃ ।
દેવેભિ ર્માનુષે જને ॥
ઓં યે ત્રિષપ્તાઃ પરિયન્તિ વિશ્વા રૂપાણિ બિભ્રતઃ ।
વાચસ્પતિ ર્બલા તેષાં તન્વો અદ્ય દધાતુ મે ॥

પ્રશ્ન. અભ્યાસના આરંભમાં ગુરૂ શિષ્યએ શું કરવું જોઇએ ?

ઉત્તર. બન્નેએ મળીને અભ્યાસના આરંભમાં પરમ પિતા પરમાત્માનું સ્મરણ કરવું જોઇએ, અને તે આ પ્રમાણે છેઃ—

ઓં સહનાવવતુ; સહનૌ ભુનક્તુ; સહવીર્યં કરવાવહૈ; તેજસ્વીના વધીતમસ્તુ; મા વિદ્વિષાવહૈ ॥ ઓં શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ ॥

પ્ર. ભોજન કરવા પહેલાં શું કરવું જોઈએ ?

ઉ. હાથ પગ ધોઇને; ભોજનદાતા પરમાત્માનું સ્મરણ કરવું જોઇએ, અને તે મંત્ર આ છેઃ—

ઓં અન્નપતે ऽ ન્નસ્યનો દેહ્યનમીવસ્ય શુષ્મિણઃ ।
પ્રપ્રદાતારં તારિષ ઊર્જ્જંનો ધેહિદ્વિપદે ચતુષ્પદે ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તૃતીય શ્રેણી.

પ્રશ્ન. પ્રાણાયામની વિધિ શું છે?

ઉત્તર. પદ્માસન (પલાંઠી વાળીને અર્થાત્ પગ ઉપર પગ ચઢાવીને બેસવું) વા સુખાસન અર્થાત્ જમણા પગની એડી નીચે અને ડાબા પગની એડી નાભિથી ૪ આંગળ નીચે. બરાબર સીધમાં રાખી બેસવું, સારા અવયવ ટટાર રાખવા. નાક, દાઢી બરોબર છાતીની વચમાં રાખવી, કમર બીલકુલ વળવી ન જોઇએ એવી રીતે બેસીને અંદરની વાયુ ધીરે ધીરે (કાન પણ નીકળતી હવાનો અવાજ ન સાંભળે તેમ) બહાર કાઢી જ્યાં સુધી રહી શકાય ત્યાં સુધી રોકવો, પછી વાયુને ધીરે ધીરે અંદર ખેંચવો, જ્યારે પૂર્ણ વાયુ અંદર ભરવો (જ્યાં સુધી વગર ગભરામણ થયે રોકી રાખી શકાય ત્યાં સુધી રોકવો) અને પછી પૂર્વવત ધીરે બહાર કાઢવો.

એટલું અવશ્ય ધ્યાન રાખવું જોઇએ કે જેટલો વખત શ્વાસ લેવામાં લાગે તેનાથી બમણો સમય શ્વાસ કાઢવામાં લાગવો જોઇએ, અને તેનાથી બમણો (લેવાના સમયથી ચારગણો) સમય રોકી રાખવો. અર્થાત્ લેવામાં ૧૦ સેકંડ તો કાઢવામાં ૨૦ સેકંડ અને રોકવામાં ૪૦ સેકંડ. આને પ્રાણાયામ કહે છે.

પ્ર. આ ત્રણે પ્રકારની ક્રિયાઓને શું કહે છે?

ઉ. બહાર કાઢવાવાળી ક્રિયાને 'રેચક', અંદર ખેંચવાની ક્રિયાને 'પૂરક' અને રોકી રાખવાની ક્રિયાને 'સ્તંભવૃત્તિ' યા 'કુંભક' કહે છે.

પ્ર. ઋષિ કોને કહેવાય?

ઉ. જે મંત્રના ગૂઢ અર્થને સરળ કરીને જનતાની સામે રાખે તેને ઋષિ કહેવાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્ન. વેદ મંત્રના ઋષિ કયા કયા છે?

ઉત્તર. જે જે ઋષિઓએ વેદ મંત્રના ગૂઢ અર્થોને પ્રગટ કરી પ્રચાર કર્યો તે તે ઋષિઓનાં નામ માનની ખાતર સાથે જોડી દીધાં છે.

પ્ર. મંત્રોના દેવતા એટલે શું ?

ઉ. જે મંત્રોમાં જે જે વસ્તુનું વર્ણન છે તે વસ્તુ તે મંત્રોનો દેવતા છે.

પ્ર. ઋષિ અને દેવતાનું દ્રષ્ટાન્ત આપી સમજાવશો ?

ઉ. જરૂર સમજાવીશું:—જેવી રીતે 'અગ્નિ મીળે પુરોહિત" મંત્રનો ઋષિ મધુચ્છન્દ અને અગ્નિ દેવતા છે.

૨. યજુર્વેદનો પ્રથમ મંત્ર "ઈષેત્વોર્જે—"નો પ્રજાપતિ ઋષિ અને સવિતા દેવતા છે.

૩. સામવેદના પ્રથમ મંત્રનો 'અગ્નઆયાહિ'નો ભારદ્વાજ ઋષિ અને અગ્નિ દેવતા છે.

૪. અથર્વ વેદનો પહેલો મંત્ર "યેત્રિષત્પાઃ........"નો દેવતા વાચસ્પતિ અને અથર્વા ઋષિ છે.

પ્ર. વેદ મંત્રપર ઉભી અને આડી લીટીઓ શા માટે છે ?

ઉ. વેદ મંત્રોપર રેખાઓ સ્વર બતાવનારી છે.

પ્ર. સ્વર કેટલા પ્રકારના હોય છે ?

ઉ. સ્વર ત્રણ પ્રકારના હોય છે:—જેમકે ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત.

પ્ર. આ ત્રણે પ્રકારના સ્વરો કેવી રીતે બોલાય છે ?

ઉ. ઉંચા સ્વરથી ઉદાત્ત, નીચા સ્વરથી અનુદાત્ત અને મધ્યમ સ્વરથી સ્વરિત બોલાય છે.

પ્ર. શું આ ચારે પુસ્તકો પરમાત્માએ આપણને પુસ્તકોનાં રૂપમાંજ આપ્યાં છે ?

ઉ. ના, પુસ્તકાકાર ઋષિઓએ બનાવી, પરન્તુ પરમાત્માએ આ ચારે સંહિતાનું જ્ઞાન (શબ્દાર્થ સમ્બન્ધ સાથે) સૃષ્ટિની આદિમાં ઋષિઓને આપ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્ન. જેવી રીતે ગુરૂ શિષ્યને ભણાવે છે તેવી રીતે શું પરમાત્માએ ઋષિઓને જ્ઞાન આપ્યું ?
ઉત્તર. ના, જ્ઞાન આપવામાં અને ભણાવવામાં ભેદ છે, જ્ઞાન આત્મામાં નંખાય છે પરન્તુ ભણાવવાનું શબ્દથી થાય છે.
પ્ર. તો પછી ઇશ્વરે ઋષિઓને કેવી રીતે જ્ઞાન આપ્યું ?
ઉ. પરમાત્મા સર્વ વ્યાપક હોવાથી ઋષિઓમાં પણ વ્યાપક છે, માટે આત્મામાં જ્ઞાનનો પ્રકાશ કર્યો.
પ્ર. કોઈ ઉદાહરણ આપી સમજાવશો ?
ઉ. લો સાંભળોઃ–આજે પણ અમે જોઈએ છીએ કે 'મેશમેરીઝમવાળા' પોતાનાથી નબળી આત્માવાળાપર વા પવિત્ર આત્માવાળાપર પોતાના મનની બાત બોલાવે છે અને કરાવે પણ છે. પરન્તુ પરમાત્મા તો પૂર્ણ છે વળી સર્વ વ્યાપક છે એટલે જે પવિત્ર અને સંસ્કારી જીવ હતા તેમાં જ્ઞાનનો પ્રકાશ કર્યો.
પ્ર. લો પછી અક્ષર આદિ કોણે બનાવ્યા ?
ઉ. અક્ષરોના સંકેત ઋષિ મુનિઓએ કર્યા.
પ્ર. આ સંકેત શા માટે તથા કયારે બનાવ્યા ?
ઉ. ઘણા કાળ સુધી વેદોનું પઠન પાઠન એક બીજાથી સાંભળીને ચાલ્યું પણ જ્યારે મનુષ્ય ગણના વધી અને સ્મરણ શકિત (યાદ દાસ્ત) ઓછી થવા લાગી, ત્યારે સૃષ્ટિ ઉત્પત્તિના લાખો વર્ષો બાદ અક્ષરોનાં સંકેત થયા એટલાજ માટે વેદોને 'શ્રુતિ' પણ કહે છે.
પ્ર. શું ઈશ્વરીય જ્ઞાન બદલાતું નથી ?
ઉ. જ્યારે આંખના જ્ઞાનનો પ્રકાશક સૂર્ય અનાદિ કાળથી બદલાતો નથી તો આત્માનો પ્રકાશ વેદ કેવી રીતે બદલાય ?
પ્ર. 'શ્રુતિ'નો અર્થ શો ? અને વેદને શ્રુતિ કેમ કહે છે ?
ઉ. જે સાંભળવામાં આવે છે એને 'શ્રુતિ' કહે છે. વેદોનુ જ્ઞાન ચાર ઋષિઓના સિવાય બધાને સંભળાયું હતું એટલા માટે વેદને શ્રુતિ કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્ન. કયો વેદ કયા ઋષિના આત્મામાં પ્રગટ થયો ?
ઉત્તર. અગ્નિ ઋષિના આત્મામાં ઋગ્વેદ, વાયુ ઋષિના આત્મામાં યજુર્વેદ, આદિત્ય ઋષિના આત્મામાં સામવેદ તથા અંગિરા ઋષિના આત્મામાં અથર્વ વેદ પ્રગટ થયા.

